Extra No. 47

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, FEBRUARY 10, 2026 / MAGHA 21, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો.

File No: KHD/MAG/e-file/450/2026/0334/MAG BRANCH.-મહેમદાવાદ તાલુકાના દાજીપુરા-ઝાલમપુરા માર્ગ વચ્ચે એક્સપ્રેસ-વે ઉપર આવેલ બ્રીજ/ઓવરપાસ (ROB-3 : Facilitate cross-road traffic) ની તપાસણી ટીમ દ્વારા નિરિક્ષણ કરતા જણાઈ આવેલ કે, સદર ઓવરપાસ જૂની રચનાઓ હોવાના કારણે તેમાં વારંવાર ખામીઓ જોવા મળી રહી છે. જેમ કે, રેલિંગને નુકસાન, ઘસારો/ક્ષય, રિન્ફોર્સમેન્ટનું ખુલ્લું પડવું તેમજ ડેક સ્લેબના કૉન્ક્રિટ વેરિંગ કોર્સનું ક્ષય થવું વગેરે. તેમજ ડેક સ્લેબ પર ભારે વાહનો પસાર થતી વખતે તીવ્ર કંપન અનુભવાય છે. જેથી જાહેર સલામતીને ધ્યાને લઈ સદર બ્રીજ પર કાયમી ધોરણે વાહનોની અવર-જવર બંધ કરી સદર ટ્રાફિકને વૈકલ્પિક માર્ગે ઉપર ડાઈવર્ટ કરવું હિતાવહ હોય, તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા GM (T) & Project Director, PlU Ahmedabad નાઓ દ્વારા તા.૨૦/૦૧/૨૦૨૬ ના પત્ર નં.NHAI/PIU-AHD/NE-1/2026/63 થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/દાજીપુરા-ઝાલમપુરા /૧૧૩/૨૦૨૬, તા.૨૯/૦૧/૨૦૨૬ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. જનરલ મેનજરશ્રી (ટેક) અને પ્રોજેકટ ડાયરેકટરશ્રી, NHAI, PIU-Ahmedabad નાઓની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૨/૦૨/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી સદરહું માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

A. <u>ભારે વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો</u>:-

1) દાજીપુરા થી અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપર આવેલ રોડ બ્રિજ થઈ ઝામલપુરા તરફ જતા તમામ વાહન વ્યવહાર.

2) ઝામલપુરા થી અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપર આવેલ રોડ બ્રિજ થઈ દાજીપુરા તરફ જતા તમામ વાહન વ્યવહાર.

B. ઉપરોકત ભારે વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) દાજીપુરા થી અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપર આવેલ રોડ બ્રિજ થઈ ઝામલપુરા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- દાજીપુરા પાટીયા (નૈનપુર-હલદરવાસ રોડ) થી ઘોડાસર, હલદરવાસ ગામ થઈ હલદરવાસ ચોકડી (અમદાવાદ-ઈન્દોર રોડ), આંબા હોટલ ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

2) ઝામલપુરા થી અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપર આવેલ રોડ બ્રિજ થઈ દાજીપુરા તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- ઝામલપુરા થી આંબા હોટલ ચોકડી (અમદાવાદ-ઈન્દોર રોડ) હલદરવાસ ચોકડી, હલદરવાસ ગામ, ઘોડાસર થઈ દાજીપુરા પાટીયા તરફ જઈ શકાશે.

શિક્ષા:-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા-નડીયાદ, તા.૪ થી ફેબ્રુઆરી, ૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો.

File No: KHD/MAG/e-file/450/2026/0472/MAG BRANCH.-ખેડા જિલ્લાનાં સાંખેજ-મલાતજ રોડ (૧,૧૦૦ કિ.મી.) તા.જિ.ખેડા ઉપર મેશ્વો નદી ઉપર આવેલ મેજર બ્રીજની તપાસ બાદ સદર બ્રીજ સલામતીના હેતુ સર ભારે વાહનો માટે બંધ કરી ભારે વાહનોના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.પીબી/ વશી/૧૦૭૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ અને તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરતું સદરહું કામગીરી હજુ પૂર્ણ થયેલ ન હોઈ, જેથી સદર જાહેરનામાની મુદત લંબાવવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા.૩૦/૦૧/૨૦૨૬ ના પત્ર ક્રમાક જા.નં.પી.બી/વશી/૧૦૦/૨૦૨૬ થી પુનઃ દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૨/૦૨/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) સાંખેજ, તા.ખેડા થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ મલાતજ ગામ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

2) મલાતજ ગામ થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ સાંખેજ, તા.ખેડા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) સાંખેજ, તા.ખેડા થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ મલાતજ ગામ તરફ આવતો તમામ વાહન વ્યવહાર,

- સાંખેજ થી કનીજ ગામ, સોમેશ્વર લાટ, કનીજ બસ સ્ટેન્ડ, નેનપુર ચોકડી, નેનપુર ગામ થઈ મલાતજ તરફ જઈ શકાશે.

2) મલાતજ ગામ થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ સાંખેજ, તા.ખેડા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

- મલાતજ, નેનપુર ગામ, નેનપુર ચોકડી, કનીજ બસ સ્ટેન્ડ, સોમેશ્વર લાટ, કનીજ ગામ થઈ સાંખેજ ગામ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે કરવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીયાદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

ખેડા-નડીયાદ, તા.૪ થી ફેબ્રુઆરી, ૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.03.09 15:08:22 IST